# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧
ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ website : forumjunagadh.pgvcl@gebmail.com
CIN:U40102GJ2003SGC042908

પીજીવીસીએલ/સીજીઆરએફ/૯૮/ક્વા-૦૪/૨૦૨૦-૨૧/૧૪૦ તા.૨૭.૦૪.૨૦૨૧

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૯૮/ક્વા-૦૪/૨૦૨૦-૨૧**

અરજદાર: શ્રી વાળા ભાવેશભાઈ વેજાણદભાઈ ગામ – શોભાવડલા (લશ્કર)
સબડીવીઝન: વિસાવદર-૧

**:: વિરુધ્ધ ::**

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી જુનાગઢ ગ્રામ્ય -૧

**:: કોરમ ::**

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જુનાગઢ
તારીખ: મંગળવાર (૨૦.૦૪.૨૦૨૧)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૦.૦૪.૨૦૨૧ (મંગળવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

**:: અરજદારની રજૂઆત ::**

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે આજદિન સુધી અમો આપની કંપનીના રેગ્યુલર ગ્રાહક તરીકે બધા જ બિલ ભરપાઈ કરેલ છે આજદિન સુધી બિલ ને લગતું કોઈપણ લેણું અમારા પર બાકી બોલતું નથી અમને આપવામાં આવેલ દરેક બિલ એમોએ સમયસર ભરપાઈ કરેલ છે આ સાથે કંપનીએ અમારી પરમીશન વગર જે લોડવધારો આપેલ છે તેની નોટિસ આ સાથે જોડેલ છે જે નોટિસ સંદર્ભે જણાવવાનું કે અમોને અમારી પરવાનગી વગર લોડવધારો કરી આપી જેની રકમ

અમારા બિલમાં ઉધારેલ છે જે અમોને યોગ્ય નથી લાગતું અમારી આ વાતને ગ્રાહ્ય રાખી યોગ્ય થવા અંગે અમારી નમ્ર અરજ છે. અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 વિસાવદર તાલુકાનાં શોભાવડલા (લશ્કર) ગામના ભાવેશભાઈ વેજાણંદભાઇ વાળા એ પોતાના LTMD વિજ જોડાણમાં લોડ વધારા બાબતની રજૂઆત ઉપરોક્ત સંદર્ભ-૧ ના પત્ર મુજબ ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં કરેલ છે. જે અંગે સદર કેઇસ ની વિગતવાર માહિતી નીચે મુજબ છે.

3.૧ અત્રેની કચેરીના કાર્યક્ષેત્ર નીચે આવતા વિસાવદર-૧ સડી હેઠળના શોભાવડલા (લશ્કર) ગામે અરજદાર LTMD વિજ જોડાણ ધરાવે છે. જેનું નામ: ભાવેશભાઈ વેજાણંદભાઇ વાળા, ગ્રાહક નં. ૩૫૯૪૩/૦૦૬૨૯/૦ છે. જેનો કરારીત વિજભાર ૧૦૦ KW છે. જે વિજ જોડાણમાં એપ્રિલ-૨૦૧૯ થી ઓગસ્ટ-૨૦૧૯ દરમ્યાન અલગ અલગ ૦૪ (ચાર) વખત બિલિંગ વિજભાર તે તેમના કરારીત વિજભાર ઉપરાંતના ૫% કરતાં વધુ જોવા મળેલ છે. તેમજ એપ્રિલ-૨૦૨૦ માં પણ બિલિંગ વિજભાર તે તેમના કરારીત વિજભાર ઉપરાંતના ૫% કરતાં વધુ જોવા મળેલ છે. જે વધારાના બિલિંગ વિજભાર સંદર્ભે GERC નોટિફિકેશન ૦૪/૨૦૧૫, ક્લોઝ નં. ૪.૯૫ મુજબ વિસાવદર-૧ સડી દ્વારા ગ્રાહકને અલગ અલગ નોટિસ દ્વારા પોતાના વિજજોડાણ માં જરૂરી કાર્યવાહી કરાવી લેવા જણાવેલ છે. પરંતુ ગ્રાહક દ્વારા આપેલ સમય મર્યાદામાં કોઈ કાર્યવાહી કરવામાં ન આવતા અંતે GERC નોટિફિકેશન ૦૪/૨૦૧૫, ક્લોઝ નં. ૪.૯૫ મુજબ સુઓ-મોટું મુજબ સદર ગ્રાહકનો લોડ વધારો કરવાની કાર્યવાહી કરવામાં આવેલ છે. જે મુજબ ગ્રાહકનો કરારીત વિજભાર ૧૦૦ KW તેમજ વધારાનો સરેરાશ વિજભાર ૧૨.૨૫ KW જોવા મળેલ (કુલ ૧૧૨.૨૫ KW). જેની KVA માં ગણતરી કરતાં ૧૧૧ + ૧૪ = ૧૨૫ KVA થાય છે. જે લોડ વધારા માટે સદર વિજજોડાણ ને LTMD માથી HT કેટેગરીમાં તબદીલ કરવાનું થાય. જે માટે અત્રેની કચેરી દ્વારા GERC નોટિફિકેશન ૦૪/૨૦૧૫, ક્લોઝ નં. ૪.૯૫ મુજબ જરૂરી કાર્યવાહી કરવામાં આવેલ. જે અનુસંધાને વર્તુળ કચેરી જુનાગઢ દ્વારા પત્ર નં. SEJND/COMMITTEE/LT TO HT SUOMOTU/ 5747, 19.10.2020 થી મંજૂરી આપવામાં આવેલ. જે અનુસંધાને અત્રેની કચેરી દ્વારા ગ્રાહકને લોડ વધારા અંગેનું એસ્ટિમેટ નં. JRD-1/TECH-2/HT ESTIMATE/ 5026, DT: 20.10.2020 થી રૂપિયા ૬૦૦૨૩૭/- (છ લાખ બસ્સો સાડત્રીસ પૂરા) નું આપવામાં આવેલ. જે એસ્ટિમેટ ગ્રાહક દ્વારા સમય મર્યાદામાં ભરપાઈ કરવામાં આવેલ નહીં, કે ગ્રાહક દ્વારા કોઈ વધારાની મુદ્દત પણ માગવામાં આવેલ નહીં. આથી સદર એસ્ટિમેટ ગ્રાહકના LTMD વિજ બિલમાં ઉધારવામાં આવેલ. જે બિલ પણ ગ્રાહક દ્વારા ભરપાઈ કરવામાં ન આવતા અંતે ગ્રાહકનું LTMD વિજજોડાણ તા: ૨૧.૦૧.૨૦૨૧ ના રોજ કાપવામાં આવેલ છે.

3.૨ આમ સદર ગ્રાહકના વિજજોડાણ પર GERC નોટિફિકેશન ૦૪/૨૦૧૫, ક્લોઝ નં. ૪.૯૫ મુજબ લોડ વધારાની કાર્યવાહી કરવામાં આવેલ છે. જે નિયમોનુસાર છે.

## :: હુકમ ::

૪.0 અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ સદર બાબતે ઉપરોક્ત મુદ્દા નં. ૩.૧ અને ૩.૨ મુજબ પીજીવીસીએલ કંપની ના GERC નોટિફિકેશન ૦૪/૨૦૧૫, ક્લોઝ નં. ૪.૯૫ મુજબ લોડ વધારાની કાર્યવાહી કરવામાં આવેલ છે. જે નિયમોનુસાર છે. અને અરજદાર શ્રી ને બંધન કરતાં રહેશે.

૪.૨ તે મુજબ અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.૩ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| શ્રી એન.એસ.પંડયા<br>સ્વતંત્ર સભ્ય | શ્રી બી.પી.બુચ<br>ચેરપર્સન |

**નોંધ:-**

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-૩૦ માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું : વિધુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯